# શહેરી વિકાસ વિભાગની કામગીરીઃ
# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત
# વિકાસના કામો માટે રૂ.599 કરોડ મંજૂર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે, રસ્તા, ટ્રાફીક વ્યવસ્થાના, એપ્રોચ અને માઈનોર બ્રીજ પાણી પુરવઠા, સ્મશાન રીપેરીંગ, સબઝોનલ ઓફીસ, પ્લોટની કમ્પાઉન્ટ વોલ, સ્ટ્રીચ લાઈટ, ફાયર સ્ટેશન તેમજ તળાવના કામો કરવા માટે 527.91 લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

સામાજીક આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે, હોસ્પિટલ માટે ગેસ પાઈપ સીસ્ટમ તથા ડેન્ટલ કોલેજ સ્ટાફ ક્વાટર્સ, શાળાના મકાનો અપગ્રેડેશન તથા નવી શાળાઓ બનાવવા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના સાધનો માટે તેમજ આંગણવાડી, ઉમ્મીદ કેન્દ્ર, સીવીક સેન્ટર, કોમ્યુનીટી હોલ વગેરેના કામો માટે રૂ.53.83 લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

અર્બન મોબીલીટી જેવી કે, વર્કશોપ રીનોવેશન, ગોડાઉન, ટ્રાન્સપોર્ટ હાઉસ ખાતે નવું ઓફીસ બિલ્ડીંગ વગેરે વિકાસના કામો માટે રૂ.7.14 લાખ અને આગવી ઓળખ ઉભી થાય તેવા કામો જેવાં કે, હોલ બનાવવા અને સ્વીમીંગપુલના કામો માટે રૂ.10.45 લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

આમ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ જુદા જુદા ઘટકો માટે કુલ 599.33 લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

સૌનો સાથ... સૌનો વિકાસ.. જય જય ગરવી ગુજરાત..